## માર્ગદર્શન

ડૉ. એમ. આઈ. જોષી
નિયામક, પ્રાથમિક શિક્ષણ

પ્રકાશ ત્રિવેદી
નિયામક, જીસીઈઆરટી

ડૉ. એમ. એમ. પટેલ (GAS)
એડી.એસપીડી, સમગ્ર શિક્ષા

શિલ્પા પટેલ
સચિવ, સમગ્ર શિક્ષા

એસ. જે. ડુમરાળિયા
સચિવ, જીસીઈઆરટી

## સંકલન

અનિલકુમાર ઉપાધ્યાય

સુચિતકુમાર પ્રજાપતિ
ધર્મેશકુમાર રામાનુજ
સંજયભાઈ ચૌધરી
અતુલભાઈ પંચાલ
હેમલબેન પંડ્યા
નીરવ મિસ્ત્રી
જયદિપસિંહ ચૌહાણ
રિઝવાનાબાનુ મિરઝા

## લેખન

સુચિતકુમાર પ્રજાપતિ
પ્રકાશભાઈ સુથાર
સંજયભાઈ પટેલ
ધવલભાઈ પટેલ
ડૉ. અશોકભાઈ પરમાર
મનહરકુમાર સોલંકી
ડૉ. રાધાબેન યાદવ
ભરતકુમાર પ્રજાપતિ
ચિંતનકુમાર શાહ
વિમલભાઈ પટેલ
નિતેશભાઈ દલવાડી
છાયાકુમારી પટેલ
સોનુ ગોહેલ
રાઘવભાઈ કટકિયા
અશોકકુમાર પટેલ
હિતેશકુમાર બારડ
ગોપાલભાઈ જાદવ
આરતીબેન પટેલ

## સમીક્ષા

દિનેશભાઈ દેસાઈ

ડૉ. વિજયભાઈ પટેલ
વિરાગભાઈ ગરાલા
ડૉ. વૈશાલીબેન ચાવડા
કેતનભાઈ પ્રજાપતિ
ડૉ. ભાર્ગવભાઈ ઠક્કર
વિપા ભાલોડિયા

## ચિત્રાંકન

જયેશ વાગડોદા
આશિષ સુથાર


# પ્રસ્તાવના

નમસ્કાર,

વૈશ્વિક સ્તરે દેશના વિકાસ માટેનાં વિવિધ વિકાસલક્ષી ધ્યેયો સુનિશ્ચિત કરવામાં આવેલા છે. તેમાનું ચોથા નંબરનું સાતત્યપૂર્ણ વિકાસલક્ષી ધ્યેય (SDG) એટલે 'સમાવેશી અને સમાન ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સુનિશ્ચિત કરવું અને દરેકના માટે આ જીવન શીખવા માટેના અવસરોને પ્રોત્સાહન આપવાનું છે.' આ ધ્યેયને સાર્થક કરવા ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020)નું નિર્માણ થયેલ છે. NEP-2020 અનુસાર પાયાના શિક્ષણને બળવત્તર બનાવવા માટે નિપુણ ભારત મિશન અંતર્ગત દેશ સાથે આપણા રાજ્યમાં પણ સુનિશ્ચિત આયોજન થયેલ છે. પાયાના શિક્ષણ માટે મહત્ત્વના પ્રારંભિક ત્રણ વર્ષો, બાલવાટિકા અને ધોરણ 1, 2ના શાલેય શિક્ષણમાં બાળકોને તેની વય, રુચિ અને ઉપયોગિતાની દૃષ્ટિએ જે અગત્યની બાબતો હોય તેનો પરિચય, મહાવરો અને મૂલ્યાંકન કરાવી તેમનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં રાજ્યમાં પ્રયાસ થઈ રહ્યો છે.

ગત વર્ષમાં બાલવાટિકા અને વિદ્યાપ્રવેશ અભિગમના પ્રારંભ બાદ NEP, NCF-FS અને SCF-FSના આધારે ધોરણ 1 અને 2 માટે નવા અભ્યાસક્રમની સંરચના કરવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમ અને NCERTના નવા પાઠ્યપુસ્તકોને આધારે ગુજરાત રાજ્યના ધોરણ 1ના બાળકો માટે 'અધ્યયન સંપુટ' તરીકે આ સામગ્રી સમગ્ર શિક્ષા અને જીસીઈઆરટી દ્વારા યુનિસેફના સહયોગથી તૈયાર કરવામાં આવી છે. શીખવા-શીખવવા માટે માત્ર પાઠ્યપુસ્તક જ નહિ પરંતુ દરેક તબક્કે વિવિધ પ્રકારની સામગ્રીનો ઉપયોગ વર્ગને વધુ પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી બનાવશે. NCF-FS અને SCF-FSમાં નક્કી થયેલા 6 અધ્યયન ક્ષેત્રો અને 13 વિકાસાત્મક ધ્યેયોમાં આપેલ અધ્યયન નિષ્પત્તિઓના આધારે વિકસાવવામાં આવેલ આ 'અધ્યયન સંપુટ' બાળકોને શીખવા માટે ઉત્તમ અનુભવ બની રહે તેવા પ્રયાસો થયેલા છે. આ સંપુટના વિષયવસ્તુ નિર્માણ દરમ્યાન જેમની રચના અને પ્રવૃત્તિઓનો સંદર્ભ તરીકે ઉપયોગ થયો છે તેમના આભાર માનું છું.

શીખવા-શીખવવાની દરેક બાબતો સાથે જોડાયેલ આ 'અધ્યયન સંપુટ'માં પ્રવૃત્તિ કરવાની રીત જરૂરી સામગ્રી તથા શિક્ષકો માટે માર્ગદર્શન સમાવવામાં આવેલ છે. અહીં આપેલી પ્રવૃત્તિ કે રમતો ઉપરાંત સ્થાનિક પ્રવૃત્તિ કે રમતોનો ઉપયોગ થાય તે હિતાવહ છે. અધ્યયન ધ્યેયો સાથે અનુબંધિત અધ્યયન નિષ્પત્તિનાં આધારે નિર્માણ થયેલ આ 'અધ્યયન સંપુટ' સાથે વર્ગની અન્ય તમામ સાધન સામગ્રીનો પણ સતત ઉપયોગ થતો રહે તેવો નવોન્મેશી અભિગમ હાથ ધરવાનો પ્રયાસ કરાયો છે. આ અધ્યયન સંપુટ મારફત આપના દ્વારા બાળકોના શિક્ષણ માટે ઉત્તમ પ્રયાસો થાય તે અપેક્ષા સહ નવા વર્ષના શિક્ષણ કાર્ય માટે શુભેચ્છાઓ.

**જે. રંજીથકુમાર (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

# પ્રજ્ઞા અભિગમ અંતર્ગત માર્ગદર્શન

બાળકેન્દ્રી, પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી પ્રાથમિક શિક્ષણને ચરિતાર્થ કરવા માટે છેલ્લાં પંદરેક વર્ષથી 'પ્રજ્ઞા અભિગમ' અમલમાં છે. પ્રજ્ઞા અભિગમ અંતર્ગત આપણે કેટલાક શાશ્વત શૈક્ષણિક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને અધ્યયન અધ્યાપન સામગ્રીનું નિર્માણ અને વર્ગખંડ પ્રક્રિયાનું આયોજન કરીએ છીએ.

અગાઉનાં વર્ષોના આપના અનુભવ આધારિત પ્રતિભાવ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ તેમજ તેના આધારે રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે તૈયાર થયેલ અભ્યાસક્રમ માળખાને ધ્યાને રાખીને આ સામગ્રીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તમે જોઈ શકશો કે પ્રજ્ઞાના સૈદ્ધાંતિક પાસાને યથાવત્ રાખીને એટલે કે વ્યક્તિગત કાર્ય, જૂથકાર્ય અને જોડીકાર્ય, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, સતત મૂલ્યાંકન અને ત્વરિત ઉપચારાત્મક કાર્ય, સંકલ્પના સ્પષ્ટીકરણ, મહાવરો અને મૂલ્યાંકનના અધ્યયનચક્ર જેવી બાબતોને સમાવીને આ નવા પ્રકારની અધ્યયન અધ્યાપન સામગ્રી તૈયાર કરવામાં આવી છે. કાર્ડ, સ્વઅધ્યયનપોથી, શિક્ષક આવૃત્તિ વગેરેમાં અલગ-અલગ સ્થાને આપેલી વિગતો આ એક જ અધ્યયન સંપુટમાં સહજ ક્રમમાં આપવામાં આવી છે. આ ઉપરાંત, અધ્યયન અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે વર્ગખંડમાં ઉપલબ્ધ અન્ય સામગ્રીના ઉપયોગ માટે જરૂરી નિર્દેશ પણ કરવામાં આવ્યો છે, જેમાં નીચેની સામગ્રીનો સમાવેશ થાય છે. અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં આ સામગ્રીનો સુચારુ ઉપયોગ શિક્ષકના કાર્યને સરળ બનાવશે.

૧. વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી (ધોરણ-૧)
૨. વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ
૩. પ્રૉજેક્ટ પ્રવૃત્તિ બુક
૪. લેખનપોથી
૫. ચિત્રપોથી
૬. નોટબુક (વિદ્યાર્થી દીઠ-૩)
૭. સ્લેટ અને પેન
૮. શૈક્ષણિક સ્ટેશનરી કિટ
૯. શિક્ષક સાથી મોડ્યુલ
૧૦. વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર
૧૧. નિપુણ ભારત માર્ગદર્શિકા (ભાગ-૧,૨)
૧૨. સર્જન માટેની વર્ગસામગ્રી
૧૩. અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ
૧૪. લાર્જ સ્ટોરી બુક (૮ બુકનો સેટ)
૧૫. બોર્ડ બુક (૨૪ બુકનો સેટ)
૧૬. વાર્તાનો વડલો ભાગ ૧-૨
૧૭. ચિત્રવાર્તા પુસ્તિકા (૯ ભાગ)
૧૮. દ્વિભાષી વાર્તા પુસ્તિકા
૧૯. અર્લીરીડર (પ્રારંભિક વાચનમાળા-૨૦ પુસ્તિકા)
૨૦. સચિત્ર બાળપોથી
૨૧. ચિત્ર કૅલેન્ડર - ગુજરાતી
૨૨. ચિત્ર કૅલેન્ડર - ગણિત
૨૩. ફ્લૅશકાર્ડ
૨૪. ચાર્ટ/પોસ્ટર
૨૫. બ્રેઈલ કિટ (પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે)
૨૬. NCERT Maths kit
૨૭. IIT FLN kit
૨૮. જાદુઈ પિટારા
૨૯. રમતગમતનાં સાધનો
૩૦. સંગીતનાં સાધનો
૩૧. નિપુણ કૅલેન્ડર (ધોરણ ૧)

# અસરકારક વર્ગખંડ પ્રક્રિયા માટે નીચેની બાબતો સુનિશ્ચિત કરીએ

- સમૂહ, જૂથ, જોડી કે વ્યક્તિગત કાર્ય અંતર્ગત બેઠક વ્યવસ્થામાં વર્ષ દરમ્યાન બધાં વિદ્યાર્થીઓને એકબીજાનો પરિચય થાય તે રીતે આયોજન કરીએ.
- વર્ગખંડ સતત વિદ્યાર્થીઓના કલ્લોલથી ગુંજતો હોય તે અપેક્ષિત છે. વિદ્યાર્થીઓને શિક્ષક સાથે તેમજ અન્ય વિદ્યાર્થીઓ સાથે વાતો કરવાની સતત તક મળે તે માટે આ સામગ્રીમાં ઘણી જગ્યાએ નિર્દેશ છે. આ સામગ્રીમાં નિર્દિષ્ટ ચિત્રો, ચિત્ર વાર્તાઓ, અભિનયગીત, જોડકણાં, રંગકામ, રમકડાં, સાધન-સામગ્રી, રમત-ગમત, શોધખોળ વગેરે દરમ્યાન પણ વાતચીતની તક આપવી.
- પ્રત્યેક પાનની નીચે આપેલી જગ્યામાં વિદ્યાર્થી પાન નંબર જાતે લખે તે સુનિશ્ચિત કરવું.
- આ સંપુટમાં આપવામાં આવેલા મહાવરા ઉપરાંત નોટબુક, પ્રૉજેક્ટબુક, ફ્લેશકાર્ડ, ચિત્રપોથી, બોર્ડબુક, ચાર્ટ્સ, રમકડાં વગેરેનો ઉપયોગ કરીને જરૂર મુજબ વધુ મહાવરો કરાવવો.
- દરેક એકમમાં જ્યારે-જ્યારે વિદ્યાર્થીએ સ્વ-પ્રયત્ને (વ્યક્તિગત કાર્ય) કશુંક કરવાનું કે લખવાનું થાય છે ત્યારે તે પેજ પર તારીખ અને શિક્ષકની સહી આપવામાં આવેલ છે. વિષય શિક્ષક તરીકે પ્રત્યેક વિદ્યાર્થીનું કાર્ય ચકાસાય તથા તેનું જરૂરી અનુકાર્ય થાય તે અનિવાર્ય છે. અહીં વિદ્યાર્થી દ્વારા થયેલી ભૂલ બદલ ✗ કે અન્ય નકારાત્મક નિશાન/સૂચન કરવાના નથી. પરંતુ વિદ્યાર્થીને તેની ક્ષતિ દૂર કરવા યોગ્ય સમજ આપી તે જાતે સુધારે તેવો પ્રયત્ન કરવો.
- વિદ્યાર્થીઓએ કરેલ દરેક કાર્યનું મૂલ્યાંકન કરી તરત જ સહી કરી તારીખ લખવી. એક સાથે આખા એકમમાં સહી કરવી નહીં.
- વિદ્યાર્થી કેટલું શીખ્યો છે તેની નોંધ માટે પ્રત્યેક એકમના અંતે 'પ્રગતિની નોંધ'નો વિભાગ આપવામાં આવ્યો છે. જેમાં પ્રત્યેક વિધાન સામે A (જાતે કરી શકે છે.), B (અન્યોની મદદથી કરી શકે છે.), C (કરી શકતો નથી.) પૈકી વિદ્યાર્થીએ જે સ્તરે પ્રતિચાર આપ્યો હોય તે ખાનામાં ✔ કરવાનું રહેશે. કોઈ વિદ્યાર્થીમાં B કે C ખાનામાં ✔ થાય, તો તેના માટે શિક્ષકે જરૂરી ઉપાચારાત્મક કાર્ય હાથ ધરવું. ઉપચારાત્મક કાર્ય દ્વારા શિક્ષકે તમામ વિદ્યાર્થીઓને A સ્તર સુધી લઈ જવા પ્રયાસ કરવો. વિદ્યાર્થીના સ્તરમાં થયેલો સુધારો તારીખ સાથે નોંધવાનો રહેશે. વિદ્યાર્થીના પ્રગતિની નોંધની નીચે શિક્ષકે સહી કરી જે તે વાલીની સહી માટે સંપુટને ઘરે મોકલવું. અહીં વાલી પોતાના સંતાનની પ્રગતિથી માહિતગાર થાય અને તેની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ભાગીદાર બને તે અપેક્ષિત છે.
- અધ્યયન સંપુટમાં બે-ત્રણ એકમને અંતે પુનરાવર્તન માટે પ્રશ્નો આપવામાં આવ્યા છે. અહીં એક ખાસ બાબતનું ધ્યાન રાખવાનું થાય છે કે 'પુનરાવર્તન' વિભાગનો કોઈ એક આખો મુદ્દો વિદ્યાર્થી સ્વપ્રયત્ને ઉકેલી શકતો નથી તો શિક્ષકે તે સંબંધિત એકમની સંબંધિત અધ્યયન નિષ્પત્તિ આધારિત ઉદાહરણો - પ્રવૃત્તિ કે દાખલાનું ઉપચારાત્મક કાર્ય કરાવવું જરૂરી છે. 'પુનરાવર્તન' એક અર્થમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પૈકીનો જ એક અગત્યનો ઘટક છે.
- વર્ગમાં થતી રમતો, પ્રવૃત્તિઓ દરમિયાન વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચાર કૌશલ્ય ખીલે એ માટે વર્ગના વાતાવરણને મુક્ત અને આનંદમય રાખવું. વર્ગખંડની રમતો ઉપરાંત મેદાની રમતો પણ રમાડવી. આ અંતર્ગત સ્થાનિક રમતો ઉપરાંત વિદ્યાર્થીઓના શારીરિક-માનસિક વિકાસ માટેની રમતો રમાડવી.
- વર્ગખંડ દરમિયાન એ સુનિશ્ચિત કરવું કે વિદ્યાર્થીઓ સતત અડધો કલાક કે તેથી વધુ સમય એક જ સ્થિતિમાં બેસી ન રહે. વચ્ચે વચ્ચે શારીરિક હલનચલન થાય તેવી પ્રવૃત્તિઓ (નાની કસરત, અભિનયગીત વગેરે) કરાવવી.

- વર્ગખંડમાં અધ્યયન સામગ્રીને એવી રીતે ગોઠવવી કે જેથી વિદ્યાર્થીઓ તે સામગ્રી સરળતાથી મેળવીને સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકે.
- વિદ્યાર્થીઓ જાતે સૂચના વાંચીને સમજવાનો પ્રયત્ન કરે એવો પ્રયાસ પણ કરવો.
- વિદ્યાર્થીઓ જેમ જેમ આગળ વધતાં જાય તેમ તેમ વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટરમાં નોંધ કરવી. જેથી શીખવામાં પાછળ રહી જતાં વિદ્યાર્થીઓ માટે વિશેષ ધ્યાન આપી શકાય અને જરૂરી ઉપચારાત્મક કાર્ય કરી શકાય.
- અધ્યયન સંપુટના એક એકમમાં દરેક તબક્કે વિવિધ પ્રવૃત્તિઓ માટે કેટલાક સિમ્બોલ આપવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે :


→ **શિક્ષક માટે :** અહીં શિક્ષકને અધ્યાપન પ્રક્રિયા અંગેના નિર્દેશ આપેલ છે. એકમના વિકાસની સાથે જે તે પ્રવૃત્તિ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, વધુ મહાવરા માટેની પ્રવૃત્તિઓ, પ્રવૃત્તિમાં ઉપયોગી સાધન-સામગ્રી અને તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ છે.


→ **વ્યક્તિગત કાર્ય :** આ સિમ્બોલ અંતર્ગત દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર રીતે કાર્ય કરવા માટે પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે. અહીં વિદ્યાર્થી સ્વતંત્ર રીતે લખે છે, ગણે છે, રંગ પૂરે છે, ચિત્ર દોરે છે. આ સમયે વિદ્યાર્થી પોતેપોતાનું કાર્ય અન્યોની મદદ વગર સ્વ-પ્રયત્ને કરે તે સુનિશ્ચિત કરી સેલ્ફ લર્નિંગ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા.


→ **જોડીકાર્ય :** આ સિમ્બોલ અંતર્ગત દઢીકરણ માટે જોડીમાં કરવાની વિવિધ પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. આવી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને બે-બેની જોડીમાં બેસાડી એકબીજાની મદદ વડે કાર્ય કરવાનું છે.


→ **જૂથકાર્ય :** આ સિમ્બોલ અંતર્ગત પ્રૉજેક્ટ, જૂથચર્ચા, શોધખોળ વગેરે જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. આપેલી પ્રવૃત્તિ અને વર્ગની સંખ્યા અનુસાર ચાર થી છ વિદ્યાર્થીઓનાં જૂથ બનાવીને પ્રવૃત્તિ કરાવવી.


→ **સમૂહકાર્ય :** આ સિમ્બોલ અંતર્ગત આપવામાં આવેલી પ્રવૃત્તિ વર્ગના બધા વિદ્યાર્થીઓએ એક સાથે કરવાની છે. જેમાં અભિનય ગીત, વાર્તા, ચિત્રવાર્તા, ચર્ચા, રમત વગેરે પ્રવૃત્તિઓ વર્ગમાં, ક્યારેક વર્ગની બહાર, ક્યારેક શિક્ષકની મદદથી તો ક્યારેક સહપાઠીની મદદથી કરવાની છે.


→ **રમત :** આ સિમ્બોલ અંતર્ગત વર્ગખંડની અંદરની અને મેદાનની રમતો આપવામાં આવી છે. આ રમતો વિષયવસ્તુ અનુસાર હોઈ તે જે-તે સમયે જ થાય તે સુનિશ્ચિત કરવું.

ભાષા અને ગણિત ઉપરાંત પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેનાં જરૂરી ક્ષેત્રો જેવાં કે શારીરિક વિકાસ, સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ તેમજ કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ માટેની પ્રવૃત્તિઓને પૂરતો અવકાશ મળી રહે તે માટે ‘સપ્તરંગી શનિવાર’નો અભિગમ રાખવામાં આવ્યો છે. તેથી શનિવારે આ બધી જ પ્રવૃત્તિઓ થાય તેમજ સોમવારથી શુક્રવાર દરમિયાન પણ જરૂર જણાયે આવી પ્રવૃત્તિઓ થાય તે સુનિશ્ચિત કરવું. અધ્યયન નિષ્પત્તિ અનુસાર સ્થાનિક ગીતો, વાર્તાઓ, રમતો, સાધન-સામગ્રી, ચિત્રો વગેરેનો ઉપયોગ અધ્યયન પ્રક્રિયાની અસરકારકતામાં વધારો કરશે.

**શિલ્પા પટેલ**
સચિવ
સમગ્ર શિક્ષા

# ધોરણ ૧ : અધ્યયન નિષ્પત્તિઓ

## CG. ૮ વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા (જથ્થો), આકારો અને માપ દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

૮.૧.૧ તેઓ ઓળખે છે તેવાં લક્ષણોને આધારે વસ્તુઓને જૂથોમાં વર્ગીકૃત કરે છે. (દા.ત. આજુબાજુના પર્યાવરણમાં રહેતાં પ્રાણીઓને વર્ગીકૃત કરવાં - કૂતરાં, બિલાડી, ઉંદર, સાપ, ઘાસ ખાનારાં અને માંસ ખાનારાં પ્રાણીઓનું વર્ગીકરણ કરે છે.)

૮.૨.૧ વડીલોની સહાયથી પુનરાવર્તિત પેટર્નના ખૂટતા ઘટકોને દર્શાવે છે. (દા.ત., લાલ-વાદળી, લાલ, વાદળી, લાલ,...)

૮.૩.૧
- ૯૯ સુધીની સંખ્યાની ગણતરી કરે છે. ૯૯ સુધીની સંખ્યા દશના જૂથની પેટર્ન તરીકે સમજે છે.
- ચોક્કસ સંખ્યા (૦ અને ૯૯ની વચ્ચે)માંથી આગળ અને પાછળની તરફ ગણતરી કરે છે.
- વસ્તુઓને બે જૂથમાં વહેંચી શકે છે. (૧૦ ના બે જૂથથી ૨૦ બને)

૮.૪.૧ વસ્તુના વિવિધ ગુણધર્મો (દા.ત., કદ / લંબાઈ / વજન / રંગ)ના આધારે વિવિધ ક્રમમાં વસ્તુના સરખા સમૂહને ગોઠવે છે.

૮.૫.૧
- વસ્તુ / ચીજની અનુપસ્થિતિ દર્શાવવા માટે શૂન્યની સંજ્ઞા ઓળખે છે.
- ૨૦ સુધીની સંખ્યાઓને અંકોમાં અને ૧૦ સુધીની સંખ્યાને શબ્દોમાં ઓળખે છે.
- ૨૦ સુધીની બે સંખ્યાઓની તુલના કરે છે અને તેનાથી મોટી અથવા તેનાથી નાની જેવા શબ્દોનો ઉપયોગ કરે છે.

૮.૬.૧
- મૂર્ત વસ્તુઓના ઉપયોગથી ૧૮ સુધીના સરવાળા કરે છે.
- મૂર્ત વસ્તુઓના ઉપયોગથી ૯ સુધીની બાદબાકી કરે છે.
- સંખ્યાઓના સરવાળા અને બાદબાકી વચ્ચે સંબંધ વિકસાવે છે. (દા.ત., ૩ + ૫ = ૮ હોય, તો ૮ - ૩ = ૫ અથવા ૮ - ૫ = ૩)
- સરવાળા / બાદબાકીની ક્રિયાઓ માટે + / - નિશાનીઓને ઓળખે છે.

૮.૭.૧
- જૂથબદ્ધ કરીને નાની સંખ્યાના ગુણાકારના પ્રશ્નો ઉકેલે છે.
- ગુણાકારની નિશાનીને ઓળખે છે.

૮.૭.૨
- ભાગાકારના પ્રશ્નો ઉકેલવા માટે પ્રયત્ન અને ભૂલ તેમજ જૂથોમાં વહેંચણીનો ઉપયોગ કરે છે.
- ભાગાકારની નિશાનીને ઓળખે છે.

૮.૮.૧
- અવકાશીય સંબંધના શબ્દો વિકસાવે છે અને તેનો ઉપયોગ કરે છે. (દા.ત., ઉપર, નીચે, ની ઉપર, ની નીચે, અંદર, બહાર, ઊંચે, નીચે, નજીક, દૂર, પહેલાં, પછી)
- વિવિધ કદ અને આકારો ધરાવતી વસ્તુઓને આસપાસમાંથી ભેગી કરે છે. (દા.ત., કાંકરા, ખોખાં, દડા, પાઇપ)
- આકાર અને અન્ય અવલોકનક્ષમ ગુણધર્મોના આધારે વસ્તુઓને અલગ કરે છે, વર્ગીકૃત કરે છે અને તેનું વર્ણન કરે છે.
- વિવિધ ઘન આકારોની ભૌતિક વિશેષતાઓનું અવલોકન કરે છે અને પોતાની ભાષામાં વર્ણન કરે છે. (દા.ત., દડો ગબડે, બૉક્સ સરકે)
- ચોક્કસ લક્ષણોના આધારે આકારોની તુલના કરે છે. (દા.ત., લંબાઈ, ક્ષેત્રફળ, ઘનફળ)

૮.૯.૧
- નજીક, દૂર, પાતળા, જાડા, લાંબા, ઊંચા, ટૂંકા, નીચે વચ્ચે તફાવત કરે છે.
- અસમાન એકમોના સંદર્ભમાં ટૂંકી લંબાઈને માપે છે. (રમતોના સંદર્ભમાં 'ગિલ્લી દંડા' અને 'લખોટીની રમત')
- ટૂંકા અંતર અને લંબાઈનો અંદાજ કાઢે છે, અસમાન અને બિનપ્રમાણિત એકમો (હાથની વેંત, હાથ, પગનાં પગલાં, આંગળી)નો ઉપયોગ કરીને ચકાસણી કરે છે.

૮.૯.૨ તુલના કરે છે, અને હલકીથી ભારે વસ્તુઓ અથવા ભારેથી હલકી વસ્તુઓને ક્રમમાં મૂકે છે.

૮.૯.૩ કપ / ચમચી / મગ જેવા એકસમાન બિનપ્રમાણિત એકમોનો ઉપયોગ કરીને પાત્રની ગુંજાશનો અંદાજ કાઢે છે અને માપે છે.

૮.૧૦.૧
- પહેલાં અને પછી જેવા શબ્દોનો ઉપયોગ કરીને જે તે સમયે બનતી ઘટનાઓ વચ્ચે તફાવત કરે છે.
- શાળાના દિવસોની સાપેક્ષે રજાઓના સંદર્ભમાં લાંબા અને ટૂંકા ગાળાની સમજ ધરાવે છે.
- એક દિવસમાં બનતી ઘટનાઓનો ક્રમ વર્ણવે છે.

૮.૧૧.૧ કુલ ૨૦ રૂપિયા થાય એ રીતે નોટ અથવા સિક્કા ભેગા કરે છે.

૮.૧૨.૧ ગાણિતિક પ્રશ્નોનું વર્ણન કરવા માટે જથ્થો, આકાર, અવકાશીય જગ્યા અને માપને લગતાં સંપૂર્ણ વાક્યો બનાવે છે.

૮.૧૩.૧
- વાસ્તવિક દુનિયાની પરિસ્થિતિઓને સરળ ગાણિતિક સમસ્યાઓ તરીકે ઓળખે છે.
- વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને સરળ સંખ્યાત્મક સમસ્યાઓ ઉકેલે છે.

U9J1L1

## અનુક્રમણિકા

### સત્ર–૨


| | | |
|---|---|---|
| ૭ | ફરવાની મજા | ૧ |
| ૮ | સંખ્યા સાથે રમત | ૨૨ |
| ૯ | તહેવારો | ૪૨ |
| | પુનરાવર્તન-૩ | ૫૨ |
| ૧૦ | મારો દિવસ | ૫૯ |
| ૧૧ | કેટલી વખત ? | ૭૪ |
| ૧૨ | બજાર | ૮૩ |
| ૧૩ | પપેટ્સ | ૯૯ |
| | પુનરાવર્તન-૪ | ૧૦૭ |
| | ઉકેલો તો ખરાં ! | ૧૧૭ |
















# ૭ ફરવાની મજા



ચિત્રમાં જ્યાં રંગ પૂરવાના બાકી છે ત્યાં મનગમતા રંગ પૂરો : (વ્યક્તિગત કાર્ય)



આકાશ, જતન અને સંજના બસમાં બેસીને પ્રવાસમાં જતા હતા. તેમના શિક્ષકે રસ્તામાં પર્વત, નદી, ઝાડ, વિવિધ પ્રાણીઓ જોવા એમને કહ્યું. તેમણે પ્રવાસની મજા લેતાં લેતાં આ બધું જોયું.

ઉપરના ચિત્રના આધારે સૂચના મુજબ કરો :

(૧) સૌથી ઊંચા ઝાડ ફરતે ◯ કરો.
(૨) સૌથી નીચા ઝાડ પર ✓ કરો.
(૩) સૌથી ઊંચા ડુંગર ફરતે ◯ કરો.
(૪) સૌથી નીચા ડુંગર પર ✓ કરો.
(૫) કયું પ્રાણી સૌથી ઊંચું છે ? ............
(૬) કયું પ્રાણી સૌથી નીચું છે ? ............

**શિક્ષક માટે :**

- વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે તેમને ક્યાં ફરવા જવું ગમે ? કયા વાહનમાં બેસવું ગમે ? અગાઉ ક્યાં ગયાં હતાં ? શું જોયું હતું ? વગેરે વિશે વાતચીત કરો.
- વિદ્યાર્થીઓએ જોયેલું સૌથી ઊંચું પ્રાણી, સૌથી નીચું પ્રાણી, તેમણે જોયેલો સૌથી ઊંચો પર્વત, ગુજરાતનો સૌથી ઊંચો પર્વત-ગિરનાર વગેરે વિશે ચર્ચા કરો. ગામમાં સૌથી ઊંચું મકાન કયું છે ? તેની પણ ચર્ચા કરો.

**કહો :** (સમૂહકાર્ય)




(૧) તમારા ઘરમાં કુલ કેટલા સભ્યો છે ? (૨) તમારા ઘરમાં સૌથી મોટી ઉંમર કોની છે ? (૩) તમારા ઘરમાં સૌથી નાની ઉંમર કોની છે ? (૪) તમારા ઘરમાં જેની ઉંમર સૌથી વધુ છે તે જ સૌથી ઊંચું છે ? (૫) તમારા ઘરમાં સૌથી પાતળું કોણ છે ? (૬) વર્ગમાં સૌથી ઊંચું કોણ છે ? (૭) આપણાં વર્ગમાં તમારા જેટલી ઊંચાઈ હોય તેવા મિત્ર શોધો.





## ચિત્રના આધારે જવાબ આપો : (જોડીકાર્ય)

(૧) પરિવારમાં કુલ કેટલા સભ્યો છે ?

(૨) સૌથી વધુ ઊંચાઈ કોની છે ?

(૩) સૌથી ઓછી ઊંચાઈ કોની છે ?

(૪) પરિવારમાં સૌથી જાડું કોણ છે ?

(૫) પરિવારમાં સૌથી પાતળુ કોણ છે ?

(૬) પપ્પાથી નીચું અને મમ્મીથી ઊંચું કોણ છે ?

(૭) કોની-કોની ઊંચાઈ સરખી છે ?

(૮) સૌથી વધુ ઊંચાઈ દેખાય તેના માથે ટોપી દોરો.

તારીખ : .............................. શિક્ષકની સહી : ..............................






**શિક્ષક માટે :**

- વિદ્યાર્થીઓને "સ્ટેચ્યુ ઑફ યુનિટી" વિશે જણાવો. વિદ્યાર્થીઓએ જોયેલી સૌથી ઊંચી મૂર્તિ વિશે ચર્ચા કરો.
- **પ્રવૃત્તિ :** વર્ગના તમામ વિદ્યાર્થીઓને ઊંચાઈના ચડતા ક્રમમાં ઊભા રાખો. સૌથી ઊંચું/સૌથી નીચું કોણ છે એ અંગે ચર્ચા કરો. **ફ્લૅશકાર્ડનો ઉપયોગ કરી બાળકોને સૌથી ઊંચું અને સૌથી નીચુંનો મહાવરો કરાવો.**



શું તમે હલકાંથી ભારે પથ્થરને ગોઠવી શકો ? (વ્યક્તિગત કાર્ય)
તમે અહીં દોરીને બતાવો.

**શિક્ષક માટે :**

વિદ્યાર્થીઓને વર્ગમાં વિવિધ વસ્તુઓ લાવવા કહો, તે પૈકી કઈ વસ્તુ હલકી કે ભારે છે ? કઈ વસ્તુ સૌથી હલકી છે ? કઈ વસ્તુ સૌથી ભારે છે ? કોણ કોના કરતાં હલકી કે ભારે છે ? તે પ્રશ્નો પૂછો.

આવું કેમ ? ચર્ચા કરો : (સમૂહકાર્ય)

અહીં ચીચવામાં જતન અને તેની બહેન રમે છે. જતનનો ચીચવો નીચે જ રહે છે. તેની બહેન બેઠી છે ત્યાં ચીચવો ઊંચો જ રહે છે. આવું કેમ ?



ભારે વસ્તુની નીચેના ☐ માં ✔ કરો : (વ્યક્તિગત કાર્ય)



તારીખ : .............................. શિક્ષકની સહી : ..............................

## હલકી વસ્તુની નીચેના ☐ માં રંગ પૂરો : (વ્યક્તિગત કાર્ય)



## રમત :

- કોઈ વિદ્યાર્થી એક વસ્તુનું નામ બોલશે. બાકીના વિદ્યાર્થીઓ ક્રમશઃ તેનાથી ભારે વસ્તુનું નામ બોલતા જશે. જેમકે, પ્રથમ વિદ્યાર્થી બોલે : સફરજન તો બીજા વિદ્યાર્થીઓએ વારાફરતી સફરજન કરતાં વધુ વજનવાળી વસ્તુઓના નામ બોલવા પડે. જેમકે, મોબાઈલ, તડબૂચ, દફતર...
- એવી જ રીતે હલકી વસ્તુ માટે પણ આવી રમત રમો.

## વિચારો અને કહો : (વ્યક્તિગત કાર્ય)

તમે જોયેલું સૌથી વધુ વજન ધરાવતું પ્રાણી. ....................

તમે જોયેલું સૌથી ઓછું વજન ધરાવતું પ્રાણી. ....................

તારીખ : ............................ શિક્ષકની સહી : ............................

હવે તમામ વિદ્યાર્થીઓએ જંગલ સફારીની મુલાકાત લીધી, ત્યાં તેમણે જુદાં જુદાં પ્રાણીઓ જોયાં.

ચિત્ર જોઈ યોગ્ય વિકલ્પ પર '✔' કરો : (વ્યક્તિગત કાર્ય)

(૧) ઝાડની નજીક કયું પ્રાણી છે ? ગાય / હરણ / નીલગાય

(૨) સિંહની સૌથી દૂર કયું પ્રાણી છે ? નીલગાય / હરણ / વાંદરો

(૩) પાણીની કુંડીની નજીક કયું પ્રાણી છે ? સિંહનાં બચ્ચાં / નીલગાય / હરણ



તારીખ : ........................... શિક્ષકની સહી : ...........................

હવે વિદ્યાર્થીઓ નવી જગ્યાએ જવા નીકળ્યા. તેમના સાહેબ નકશામાં રસ્તો જોતાં હતાં. તમે જુઓ : શું છે દૂર, શું છે નજીક ? (જૂથકાર્ય)

**વડોદરા ◆ એકતાનગર ◆ સુરત**




**પાલનપુર ◆ ગાંધીનગર ◆ ભરૂચ**




**શિક્ષક માટે :**

નકશાના આધારે બે સ્થળો વચ્ચેના અંતર વિશે ચર્ચા કરો. એકતાનગરથી કયું સ્થળ નજીક છે અને કયું દૂર છે ? **ફ્લૅશકાર્ડના ઉપયોગથી બાળકોને નજીક-દૂરનો મહાવરો કરાવો.**



વિદ્યાર્થીઓ તો વડના જંગલમાં પહોંચી ગયા. ત્યાં તેઓ વડની વડવાઈઓ સાથે રમવા લાગ્યા. તેમણે જોયું કે કેટલીક વડવાઈ લાંબી હતી તો કેટલીક ટૂંકી. કેટલાક વડના થડ જાડા, તો કેટલાકના પાતળા હતાં.



## જુઓ અને સમજો : (જૂથકાર્ય)






**શિક્ષક માટે :**

વિદ્યાર્થીઓને વિવિધ મૂર્ત વસ્તુઓ અને ચિત્રોની મદદથી લાંબા-ટૂંકા અને જાડા-પાતળાનો ખ્યાલ સ્પષ્ટ કરાવો.

## સૂચના મુજબ કરો : (વ્યક્તિગત કાર્ય)

- જે પ્રાણીની પૂંછડી સૌથી લાંબી હોય તેની ફરતે ◯ કરો :



- જે છોકરીનો ચોટલો લાંબો હોય તેની ફરતે ◯ કરો :



- સૌથી ટૂંકું હોય તેની ફરતે ◯ કરો :





- સૌથી જાડું હોય તેની ફરતે ◯ કરો :





- સૌથી પાતળું હોય તેની ફરતે ◯ કરો :





## સૂચના મુજબ દોરો : (જોડીકાર્ય)

આપેલ સીડીથી લાંબી સીડી દોરો :



આપેલ પેન્સિલથી ટૂંકી પેન્સિલ દોરો :



આપેલ તીરથી જાડું તીર દોરો :



આપેલ ઝાડથી પાતળું ઝાડ દોરો :



**શિક્ષક માટે :**

બાળકોને લાંબા-ટૂંકાના અને જાડા-પાતળાના ફ્લેશકાર્ડનો ઉપયોગ કરી વધુ મહાવરો કરાવો.

તારીખ : ............................ શિક્ષકની સહી : ............................

આકાશ અને તેના મિત્રો પ્રવાસ વખતે રાત્રે એક જગ્યાએ રોકાય છે. બધા મિત્રો જુદી જુદી પ્રવૃત્તિ કરી રહ્યા છે અને રમતો રમી રહ્યા છે. કેટલાક મિત્રો વિવિધ વસ્તુઓનું માપન કરે છે. સીમા ટેબલની લંબાઈ વેંતથી માપે છે, જ્યારે આકાશ એ જ ટેબલની લંબાઈ આંગળીઓથી માપે છે. આપણે પણ આવું માપીને નક્કી કરીએ કે કઈ વસ્તુનું માપન વેંતથી અને કઈ વસ્તુનું માપન આંગળીઓથી કરવું સરળ પડે. (જોડીકાર્ય)



**શિક્ષક માટે :**

વિદ્યાર્થીઓને વિવિધ વસ્તુઓ આપી વેંત અને આંગળીથી તેનું માપન કરાવો. તેમને કઈ વસ્તુના માપનમાં વેંત કે આંગળીથી માપવું સરળ લાગ્યું તેની ચર્ચા કરાવો. બધા વિદ્યાર્થીઓને પોતાની વાત રજૂ કરવાની તક આપો.

**જાતે માપો અને ખાલી જગ્યા પૂરો :** (વ્યક્તિગત કાર્ય)

(૧) મારા ગણિતના પુસ્તકની લંબાઈ .......... વેંત છે.

(૨) મારા વર્ગનું પાટિયું .......... વેંત લાંબુ છે.

(૩) મારા હાથની લંબાઈ .......... વેંત છે.

(૪) મારા મિત્રની પેન્સિલ .......... આંગળ લાંબી છે.

(૫) મારા વર્ગખંડની બારીની લંબાઈ .......... વેંત છે.

**શિક્ષક માટે :**

અહીં વેંત અને આંગળીથી માપન કરતાં દરેક બાળકનો જવાબ જુદો મળે છે. તેના કારણો વિશે વર્ગમાં ચર્ચા કરો.



શું આકાશ આ બધી વસ્તુઓની લંબાઈ શોધવા માટે વેંતનો જ ઉપયોગ કરી શકે ? જે વસ્તુની લંબાઈ વેંત કરતાં ટૂંકી હોય તેમાં લાલ રંગ પૂરો અને વેંત કરતાં લાંબી વસ્તુમાં લાલ સિવાય તમારો મનપસંદ રંગ પૂરો. શું આપણે લાલ રંગની વસ્તુઓની લંબાઈ આંગળીથી માપી શકીએ ? હા કે ના ☐ (વ્યક્તિગત કાર્ય)







## નીચે આપેલી વસ્તુઓને તમે વેંતથી માપશો કે આંગળીથી ? (વ્યક્તિગત કાર્ય)

| વસ્તુ |  વેંતથી માપશો ? હા કે ના ? |  આંગળીથી માપશો ? હા કે ના ? |
|---|---|---|
|  | ના | હા |
|  | | |
|  | | |
|  | | |
|  | | |
|  | | |
|  | | |
|  | | |



આકાશના કેટલાક મિત્રો ચિત્રો દોરવા બેઠા છે. ચાલો આપણે પણ પ્રવાસમાં આગળ વધીએ એ પહેલાં સૂચના મુજબ ચિત્ર દોરીએ : (વ્યક્તિગત કાર્ય)





(૧) કેરીથી એક આંગળ દૂર ઝાડ દોરો.

(૨) કેરીથી છ આંગળ દૂર ઝૂંપડી દોરો.

(૩) ઝૂંપડીથી એક આંગળ દૂર ઉંદર દોરો.

(૪) ઝાડથી પાંચ આંગળ દૂર તળાવ દોરો.

(૫) તળાવથી ચાર આંગળ દૂર પર્વત દોરો.

તારીખ : .............................. શિક્ષકની સહી : ..............................

આકાશ, સંજના સાથે હોટલના બગીચામાં રમવા ગયો. બગીચામાં તેઓ ઝૂલતા પુલ પર ધીમે ધીમે ચાલે છે. તે જુઓ અને ચર્ચા કરો. (સમૂહકાર્ય)




**શિક્ષક માટે :**

- સંજના અને આકાશે એક જ પુલ પસાર કર્યો. પરંતુ બંનેના ડગલાંની સંખ્યા જુદી જુદી કેમ થઈ? તે વિદ્યાર્થીઓને પૂછો.
- શાળાના મેદાનનું ચોક્કસ અંતર નક્કી કરી તમામ વિદ્યાર્થીઓને ડગલાંથી અંતર માપવાનું કહો અને નીચે જેવા પ્રશ્નો પૂછો :

**કહો :** (સમૂહકાર્ય)

(૧) તમારા કેટલા ડગલા થયા ? .....................

(૨) કોના ડગલા સૌથી વધુ થયા ? .....................

(૩) કોના ડગલા સૌથી ઓછાં થયા ? .....................

જમવાનું બને ત્યાં સુધી બધા મિત્રોએ ટીમ પાડીને ડોલને માટીથી ભરવાની રીલે રમત શરૂ કરી. કોઈએ વાડકી લીધી, તો કોઈએ કપ તો કોઈ પ્યાલો લઈ આવ્યું. એક ટીમે તો ખોબા ભરીને માટી લાવવાનું શરૂ કર્યું. તમે કહી શકો કે કઈ ટીમ ઓછા આંટામાં ડોલ ભરી દેશે ? શા માટે ? ચર્ચા કરો. પછી તમે પણ મેદાનમાં જઈને ટીમ પાડીને આ રમત રમો. (જૂથકાર્ય)



વધારે પાણી સમાવી શકે તે પાત્રમાં રંગ પૂરો : (વ્યક્તિગત કાર્ય)



એક ડોલ  કરતાં ઓછું પાણી સમાવી શકે તેવાં ચાર પાત્રો દોરો અને તેમાં રંગ પૂરો :

(વ્યક્તિગત કાર્ય)

આકાશ અને આરિફ હોટલના રૂમ પાસે મૂકેલ બે પાત્રો જુએ છે. તે વિચારે છે કે કયું પાત્ર પહેલા ભરાશે ? શું તમે કહી શકો કે કયું પાત્ર પહેલા ભરાશે ? શા માટે ?

(જોડીકાર્ય)



તારીખ : ..............................

શિક્ષકની સહી : ..............................



પાણી આપણા માટે ઘણું ઉપયોગી છે. (વ્યક્તિગત કાર્ય)



નીચેની દૈનિક પ્રવૃત્તિ માટે કેટલું પાણી જોઈશે તેના પર '✔' કરો :



બ્રશ કરવા







નાહવા માટે







છોડમાં પાણી નાખવા







પાણી પીવા માટે





આકાશ અને તેના મિત્રો પ્રવાસમાંથી પાછા ફરે છે. બસમાં એકબીજાને ઉખાણાં પૂછતાં-ગીતો ગાતા મજા કરે છે. અહીં આપેલા ઉખાણાનાં જવાબ લખો. તમે પણ વર્ગમાં એકબીજાને આવાં ઉખાણાં પૂછો અને ગીતો ગાઓ. (સમૂહકાર્ય)

ભાઈ તો છે ભારે ઊંચા,
પણ લાગે છે સાવ બૂચા,
નાની પૂંછડી ને ટૂંકા કાન,
ઊંચી ડોકે ચાવે પાન.

નાની નાની ઓરડીમાં
બત્રીસ બાવા.



એક લાકડીની,
સાંભળો કહાણી,
તેમાં ભરેલું છે,
મીઠું પાણી.

પોચી પણ ના ઢીલી,
ગોળ દડી આ લીલી,
મળી મળે ના બીજ,
કહી દો એ કઈ ચીજ.

ભીંત જેવો જાડો પાડો,
ખાતો કેવળ ઘાસ,
બુદ્ધિમાં બહુ તેજસ્વી,
વનરાજ ન આવે પાસ.



## પ્રવૃત્તિ : (જૂથકાર્ય)



(૧) આપણે શા માટે પાણીનો ઉપયોગ દૈનિક વપરાશ માટે યોગ્ય રીતે કરવો જોઈએ ? તેની ચર્ચા કરો.

(૨) તમે ઊંચકી શકો તેવી અને તમે ઊંચકી શકો નહીં તેવી વસ્તુઓની યાદી બનાવો.

| હું ઊંચકી શકું | હું ઊંચકી શકું નહીં |
|---|---|
| | |

(૩) એક ડોલ  લો. તે ડોલને પાણીથી પૂરેપૂરી ભરવા માટે,

........... ગ્લાસ પાણીની જરૂર પડે.

........... જગ પાણીની જરૂર પડે.

........... વાડકા પાણીની જરૂર પડે.





**શિક્ષક માટે :**

- પાણીની અગત્યતા બાળકોને સમજાવો.

## પ્રગતિની નોંધ

| વિદ્યાર્થીએ સિદ્ધ કરેલી પ્રગતિની નોંધ યોગ્ય ખાનામાં '✓' કરીને કરો : | A | B | C |
|---|---|---|---|
| (૧) ઊંચા-નીચા વિશે સમજે છે. | | | |
| (૨) હલકું-ભારે વિશે સમજે છે. | | | |
| (૩) દૂર-નજીક વિશે સમજે છે. | | | |
| (૪) લાંબુ-ટૂંકું વિશે સમજે છે. | | | |
| (૫) જાડું-પાતળું વિશે સમજે છે. | | | |
| (૬) બિનપ્રમાણિત એકમોની મદદથી અંતરનું માપન કરે છે. | | | |
| (૭) બિનપ્રમાણિત એકમોની મદદથી પાત્રની ગુંજાશ શોધે છે. | | | |

શિક્ષકની સહી : ................................ વાલીની સહી : ................................

તારીખ : ................................ તારીખ : ................................

# ૮ સંખ્યા સાથે રમત

(સમૂહકાર્ય)

જુઓ અને કહો :




**શિક્ષક માટે :**

- ચિત્ર વિશે વિદ્યાર્થી સાથે ચર્ચા કરવી તથા પ્રશ્નોત્તરી કરવી.
  દા.ત., (૧) ચિત્રમાં શું-શું દેખાય છે ?
  (૨) આ ચિત્રમાંથી તમને કઈ પ્રવૃત્તિ કરવી ગમે છે ?
  (૩) ચિત્રમાંથી તમે કઈ કઈ વસ્તુઓ ગણી શકો છો ? તે ગણી બતાવો.

**પ્રવૃત્તિ :** (જોડીકાર્ય)

૧થી ૨૦ સુધીના ફ્લૅશકાર્ડ લો. જોડીમાં એક વિદ્યાર્થી એક ફ્લૅશકાર્ડ ઉપાડી તેમાં લખેલી સંખ્યા બોલશે. બીજો વિદ્યાર્થી તે સંખ્યા જેટલી મૂર્ત વસ્તુ (કચૂકા, કાંકરા, સ્ટ્રૉ, વગેરે) ગણીને આપશે. આમ, વારાફરતી પ્રવૃત્તિ કરો.

**ગણો અને જોડો :** (વ્યક્તિગત કાર્ય)



૧૫ પંદર



૯ નવ



૧૮ અઢાર



૭ સાત



૧૨ બાર

**શિક્ષક માટે :**

- વિદ્યાર્થીઓને ૨૧થી ૩૦ સુધીની સંખ્યા મૂર્ત વસ્તુઓની મદદથી શીખવો.

દા.ત.,



૨ દસ અને ૧ છૂટાં એટલે ૨૧



બાળકો ફૂલોની માળા બનાવી રહ્યા છે. તમે પણ જુઓ, ગણો, રંગ પૂરો અને સંખ્યા લખો : (વ્યક્તિગત કાર્ય)

| | | |
|---|---|---|
|  |  | ૨૧ એકવીસ |
|  |  | બાવીસ |
|  |  | તેવીસ |
|  |  | ચોવીસ |
|  |  | પચીસ |
|  |  | છવ્વીસ |
|  |  | સત્તાવીસ |
|  |  | અઠ્ઠાવીસ |
|  |  | ઓગણત્રીસ |
|  |  | ત્રીસ |

તારીખ : ............................ શિક્ષકની સહી : ............................

## રમત :

- જમીન પર ચોરસ ખાના દોરી ૨૧થી ૩૦ સુધીની સંખ્યા લખો. વિદ્યાર્થીને દરેક ખાનામાં કૂદકા મારી સંખ્યા બોલતાં-બોલતાં ૨૧થી શરૂ કરી ૩૦ સુધી પહોંચવા કહો.
- આ રમત એક ખાનું છોડીને, ૨ ખાના છોડીને રમે તે રીતે આગળ વધારો.

## ખૂટતી સંખ્યા લખો : (વ્યક્તિગત કાર્ય)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | | | ૨૪ | ૨૫ | | | ૨૮ | | ૩૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૨૯ | | | | ૨૫ | | | | |

## શિક્ષક માટે :

- **૨૧થી ૩૦ સંખ્યાજ્ઞાન સમજાવવા માટે NCERTની કિટનો ઉપયોગ કરવો.**
- ૨૧થી ૩૦ સુધીની સંખ્યાપટ્ટી બનાવીને તેની મદદથી તરતની પહેલાની અને તરતની પછીની સંખ્યાની સમજ આપો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

- વિદ્યાર્થીઓને તેમનો હાજરી-ક્રમાંક જણાવો.
- હાજરી-ક્રમાંકના દોરીવાળા ફ્લૅશકાર્ડ બનાવી એક આખો દિવસ પોતાના હાજરી-ક્રમાંકવાળું ફ્લૅશકાર્ડ પહેરવા આપો.
- વિદ્યાર્થીને વારંવાર તેમના હાજરી-ક્રમાંક આધારિત વિવિધ પ્રવૃત્તિ/પ્રશ્નોત્તરી કરી સંખ્યાઓનો મહાવરો કરાવો.

દા.ત. (૧) મોટાથી નાના ક્રમમાં ઊભા રહો.
(૨) નાનાથી મોટા ક્રમમાં ઊભા રહો.
(૩) બે સંખ્યાની સરખામણી કરી મોટી સંખ્યા કઈ છે ?
(૪) ત્રણ સંખ્યાની સરખામણી કરી સૌથી નાની સંખ્યા કઈ છે ?

આવા અન્ય પ્રશ્નો વિદ્યાર્થીઓને પૂછો.

 

## ગણો, ટપકાં કરો અને સંખ્યા લખો : (૩૧થી ૪૦) (વ્યક્તિગત કાર્ય)

| | | |
|---|---|---|
|  | ●●●●● ●●●●● / ●●●●● ●●●●● / ●●●●● ●●●●● / ● | ૩૧ એકત્રીસ |
|  | | બત્રીસ |
|  | | તેત્રીસ |
|  | | ચોત્રીસ |
|  | | પાંત્રીસ |
|  | | છત્રીસ |
|  | | સાડત્રીસ |
|  | | આડત્રીસ |
|  | | ઓગણચાળીસ |
|  | | ચાળીસ |

તારીખ : .......................... શિક્ષકની સહી : ..........................

## શિક્ષક માટે :

- વર્ગમાં કે મેદાનમાં ૧૦ વર્તુળ બનાવી સંખ્યા ૩૧થી ૪૦ લખો. ૩૧થી ૪૦ લખેલા અંકોના ફ્લૅશકાર્ડ બનાવો. વિદ્યાર્થીને કોઈ એક ફ્લૅશકાર્ડ ઉપાડવા કહો. તેમાં લખેલી સંખ્યા બોલવા કહો. તેમાં લખેલી સંખ્યાવાળા વર્તુળમાં ઊભા રહેવા કહો.
- બે સંખ્યાની સરખામણી કરી નાની-મોટી સંખ્યા અંગે પ્રશ્નોત્તરી કરો.
- તરત પહેલાંની અને તરત પછીની સંખ્યાની સમજ આપો.
- ત્રણ સંખ્યાની સરખામણી કરી સૌથી નાની સંખ્યા અને સૌથી મોટી સંખ્યાની સરખામણી બાબતે પ્રશ્નોત્તરી કરો.
- **ફ્લૅશકાર્ડના ઉપયોગથી ચડતા-ઊતરતા ક્રમમાં ઊભા રહેવા કહો.**

### લખો : (વ્યક્તિગત કાર્ય)







### તરત પછીની, તરત પહેલાંની અને વચ્ચેની સંખ્યા લખો : (વ્યક્તિગત કાર્ય)





## ગણો, રંગ પૂરો અને સંખ્યા લખો : (૪૧થી ૫૦) (વ્યક્તિગત કાર્ય)

| | | |
|---|---|---|
|  |  | ૪૧<br>એકતાળીસ |
|  |  | <br>બેતાળીસ |
|  |  | <br>તેતાળીસ |
|  |  | <br>ચુંમાળીસ |
|  |  | <br>પિસ્તાળીસ |

| | | |
|---|---|---|
|  | | છેતાળીસ |
|  | | સુડતાળીસ |
|  | | અડતાળીસ |
|  | | ઓગણપચાસ |
|  | | પચાસ |

તારીખ : ............................ શિક્ષકની સહી : ............................

**શિક્ષક માટે :**

- ૧થી ૫૦ સુધીના સંખ્યાકાર્ડ, કોરા કાર્ડ અને ૫૦ મણકાની માળા બનાવડાવી નીચેની પ્રવૃત્તિ કરાવો.

## પ્રવૃત્તિ : ચાલો આપણે કરીએ... (જૂથકાર્ય)

- ૧થી ૫૦નું કોઈ પણ સંખ્યાકાર્ડ ઉપાડો અને તે કાર્ડને મણકાની માળામાં યોગ્ય જગ્યાએ લટકાવો.




- મણકાની માળામાં લટકાવેલા કોરા કાર્ડમાં મણકાં ગણીને સંખ્યા લખો.



## રમત : ચપટી-તાળી

- એક તાળી એટલે દસ, ૨ તાળી એટલે વીસ... અને એક ચપટી એટલે એક, ૨ ચપટી એટલે બે... આમ નક્કી કરી વર્ગમાં અમુક સંખ્યામાં તાળી અને ચપટી વગાડી તમારા મિત્રોને સંખ્યા પૂછો. જેમકે, ત્રણ તાળી અને બે ચપટી એટલે ૩૨ થાય. આમ, વારાફરતી રમો.




આ ઉપરાંત આપેલી સંખ્યા માટે તાળી અને ચપટી પાડવાની રમત પણ રમી શકાય.

## ખૂટતી સંખ્યા લખો : (વ્યક્તિગત કાર્ય)






## ગણો અને લખો : (વ્યક્તિગત કાર્ય)







## સંખ્યા જેટલા ખાનામાં રંગ પૂરો : (જોડીકાર્ય)

૨૯ ઓગણત્રીસ



૩૭ સાડત્રીસ



૪૬ છેતાળીસ



૧૭ સત્તર



તારીખ : ............................ શિક્ષકની સહી : ............................

શિક્ષક માટે :

- ૩૧થી ૫૦ સુધીની સંખ્યાપટ્ટી બનાવીને તેની મદદથી તરતની પહેલાંની, તરતની પછીની અને વચ્ચેની સંખ્યાની સમજ આપો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

## તરતની પહેલાંની સંખ્યા લખો : (વ્યક્તિગત કાર્ય)

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૨૫ | | ૩૪ | | ૩૦ |
| | ૧૮ | | ૪૧ | | ૫૦ |

## તરતની પછીની સંખ્યા લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | | ૩૩ | | ૪૩ | |
| ૨૭ | | ૨૯ | | ૪૭ | |

## તરત પહેલાંની અને તરત પછીની સંખ્યા લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૧૩ | | | ૩૮ | |
| | ૧૭ | | | ૪૧ | |
| | ૨૪ | | | ૪૮ | |

## વચ્ચેની સંખ્યા લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ | | ૩૪ | ૪૨ | | ૪૪ |
| ૩૮ | | ૪૦ | ૪૮ | | ૫૦ |
| ૩૫ | | ૩૭ | ૪૪ | | ૪૬ |

## ચડતા ક્રમમાં ગોઠવો :

૩૨, ૪૮, ૩૭, ૪૯, ૩૯

૨૨, ૪૭, ૩૪, ૨૧, ૪૨

## ઊતરતા ક્રમમાં ગોઠવો :

૫૦, ૨૯, ૪૭, ૩૬, ૩૮

૧૪, ૨૭, ૪૪, ૩૯, ૨૫

તારીખ : ............................ શિક્ષકની સહી : ..............................

**પ્રૉજેક્ટ વર્ક :** (જૂથકાર્ય)

- બટન, સ્ટ્રૉ, દીવાસળી જેવી મૂર્ત વસ્તુઓના દસ-દસના જૂથ બનાવીને લાવો.

**શિક્ષક માટે :**

- વિદ્યાર્થીઓએ બનાવેલા દસ-દસના જૂથનો ઉપયોગ કરીને ૫૧થી ૧૦૦ સુધીની સંખ્યાની સમજ આપો.

**રમત :** ચારના જૂથમાં છેલ્લે આપેલી સાપસીડીની રમત રમો.

**એક આર્ટવૉલ છે. જેના પર બાળકો આભલાનો ઉપયોગ કરીને ડિઝાઈન બનાવે છે. આ ડિઝાઈનમાં તેમણે કેટલા આભલા વાપર્યા છે, તે શોધવામાં મદદ કરો. (વ્યક્તિગત કાર્ય)**



**ગણો અને લખો :** (જૂથકાર્ય)



## ગણો અને લખો : (૬૧થી ૮૦) (જૂથકાર્ય)

| | | | |
|---|---|---|---|
| | ૬૧ એકસઠ | | ૭૧ ઈકોતેર |
| | ૬૨ બાસઠ | | ૭૨ બોતેર |
| | ત્રેસઠ | | તોતેર |
| | ચોસઠ | | ૭૪ ચુંમોતેર |
| | પાંસઠ | | ૭૫ પંચોતેર |
| | છાસઠ | | છોતેર |
| | સડસઠ | | સિત્યોતેર |
| | અડસઠ | | ૭૮ ઇઠ્યોતેર |
| | ઓગણસિત્તેર | | ઓગણ્યાએંસી |
| | ૭૦ સિત્તેર | | ૮૦ એંસી |

## ગણો અને લખો : (૮૧થી ૧૦૦) (જોડીકાર્ય)

| | | | |
|---|---|---|---|
|  | ૮૧ એક્યાસી |  | ૯૧ એકાણું |
|  | બ્યાસી |  | બાણું |
|  | ૮૩ ત્યાસી |  | ત્રાણું |
|  | ચોરાસી |  | ચોરાણું |
|  | પંચાસી |  | ૯૫ પંચાણું |
|  | ૮૬ છ્યાંસી |  | છન્નું |
|  | સત્યાસી |  | ૯૭ સત્તાણું |
|  | અઠ્યાસી |  | અઠ્ઠાણું |
|  | ૮૯ નેવ્યાસી |  | નવ્વાણું |
|  | ૯૦ નેવું |  | ૧૦૦ સો |

તારીખ : .............................. શિક્ષકની સહી : ..............................

## રમત : મારા પહેલા અને મારા પછી

- દરેક વિદ્યાર્થી ૫૧થી ૧૦૦ સુધીના અંકોવાળા ફ્લૅશકાર્ડમાંથી કોઈ એક ફ્લૅશકાર્ડ ઉપાડશે.
- શિક્ષક જે સંખ્યા બોલે તે ફ્લૅશકાર્ડવાળો વિદ્યાર્થી ઊભો થશે. હવે તે તરતની પહેલાની સંખ્યા અને તરતની પછીની સંખ્યા ધરાવતા વિદ્યાર્થીઓને શોધીને ઊભા કરશે અને 'મારા પહેલા ..... અને મારા પછી .....' એમ બંને સંખ્યા મોટેથી બોલશે. ત્યારબાદ શિક્ષક નવી સંખ્યા બોલશે. આ રીતે રમત આગળ વધારવી.

**શિક્ષક માટે :**

- ફ્લૅશકાર્ડના ઉપયોગથી વચ્ચેની સંખ્યાની સમજ આપવી.
- ૫૧થી ૧૦૦ના ફ્લૅશકાર્ડનો ઉપયોગ કરી નાની સંખ્યા, મોટી સંખ્યા, સૌથી નાની સંખ્યા, સૌથી મોટી સંખ્યાની સમજ આપો.
- ૫૧થી ૧૦૦ સુધીના ફ્લૅશકાર્ડનો ઉપયોગ કરી ચડતા ક્રમ અને ઊતરતા ક્રમની સમજ સ્પષ્ટ કરો.

## રમત : આવો, સંખ્યા બનાવીએ :

- ૦થી ૯ના ફ્લૅશકાર્ડના બે સેટ બનાવવા.
- બે ટીમ બનાવીને બંને ટીમના સભ્યોએ ૦થી ૯ના ફ્લૅશકાર્ડ ગળામાં પહેરવા.
- જેમાંથી એક ટીમને ૧૦ના જૂથ તરીકે ઓળખ આપવી.

  જેમકે, દસના જૂથનો ૧ = ૧૦

  બીજા જૂથને એકમ તરીકે ઓળખ આપવી. જેમકે, એકમના જૂથનો ૧ = ૧
- હવે, શિક્ષક જે સંખ્યા બોલે તે સંખ્યા બને તે રીતે બંને ટીમમાંથી એક-એક વિદ્યાર્થી વચ્ચે આવીને વર્તુળમાં ઊભા રહેશે. આ કઈ સંખ્યા બની તે બધાએ બોલવી.



તરતની પહેલાંની સંખ્યા લખો : (વ્યક્તિગત કાર્ય)

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ૪૪ | ૨૭ | ૩૭ |
| ૧૯ | ૩૧ | ૫૧ | ૩૫ |
| ૮૨ | ૭૪ | ૬૬ | ૯૫ |

તરતની પછીની સંખ્યા લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૨ | | ૯૪ | | ૫૭ | |
| ૪૧ | | ૨૮ | | ૨૨ | |
| ૬૭ | | ૧૪ | | ૪૯ | |
| ૭૬ | | ૮૨ | | ૯૨ | |

## વચ્ચેની સંખ્યા લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૨ | | ૬૪ | ૮૦ | | ૮૨ |
| ૬૮ | | ૭૦ | ૮૮ | | ૯૦ |
| ૭૫ | | ૭૭ | ૯૨ | | ૯૪ |

## ચડતા ક્રમમાં ગોઠવો :

૫૮, ૬૪, ૯૭, ૮૭, ૭૬

૯૯, ૫૫, ૮૬, ૭૦, ૬૮

## ઊતરતા ક્રમમાં ગોઠવો :

૯૨, ૫૭, ૯૮, ૮૪, ૭૭

૫૯, ૭૯, ૬૯, ૮૯, ૯૩

## ગણો અને લખો :







## હું ક્યાં છું ? (જોડીકાર્ય)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૦ |  | ૯૮ | ૯૭ |  | ૯૫ | ૯૪ |  | ૯૨ | ૯૧ |
| ૮૧ | ૮૨ | ૮૩ |  | ૮૫ | ૮૬ |  | ૮૮ | ૮૯ | ૯૦ |
| ૮૦ |  | ૭૮ | ૭૭ |  | ૭૫ | ૭૪ |  | ૭૨ | ૭૧ |
| ૬૧ | ૬૨ |  | ૬૪ | ૬૫ |  | ૬૭ | ૬૮ | ૬૯ | ૭૦ |
| ૬૦ |  | ૫૮ | ૫૭ | ૫૬ | ૫૫ | ૫૪ |  | ૫૨ | ૫૧ |
| ૪૧ | ૪૨ | ૪૩ |  | ૪૫ | ૪૬ |  | ૪૮ | ૪૯ |  |
| ૪૦ | ૩૯ | ૩૮ | ૩૭ | ૩૬ |  | ૩૪ | ૩૩ |  | ૩૧ |
| ૨૧ | ૨૨ |  | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |  | ૨૯ | ૩૦ |
|  | ૧૯ | ૧૮ |  | ૧૬ | ૧૫ |  | ૧૩ | ૧૨ | ૧૧ |
| ૧ | ૨ | ૩ |  | ૫ | ૬ | ૭ | ૮ |  | ૧૦ |

- બે-બેની જોડી બનાવી અહીં આપેલા સંખ્યાચાર્ટના આધારે નીચે મુજબ એકબીજાને પૂછો.

દા.ત., (૧) જિરાફ કઈ સંખ્યા પર છે ?

(૨) સફરજન જે સંખ્યા પર છે તેની તરત પછીની સંખ્યા કઈ છે ?

# પ્રગતિની નોંધ

| વિદ્યાર્થીએ સિદ્ધ કરેલી પ્રગતિની નોંધ યોગ્ય ખાનામાં '✓' કરીને કરો : | A | B | C |
|---|---|---|---|
| (૧) વિદ્યાર્થી ૧થી ૫૦ સુધીની ગણતરી કરે છે. | | | |
| (૨) તરત પહેલાની અને તરત પછીની સંખ્યા જણાવે છે. (૧થી ૫૦ સુધી) | | | |
| (૩) આપેલી સંખ્યાને દસનાં જૂથ અને છૂટા તરીકે દર્શાવે છે. (૧થી ૫૦ સુધી) | | | |
| (૪) આપેલી સંખ્યાઓને ચડતા અને ઊતરતા ક્રમમાં ગોઠવે છે. (૧થી ૫૦ સુધી) | | | |
| (૫) ૫૧થી ૧૦૦ સુધીની ગણતરી કરે છે. | | | |
| (૬) તરત પહેલાંની અને તરત પછીની સંખ્યા જણાવે છે. (૫૧થી ૧૦૦ સુધી) | | | |
| (૭) આપેલી સંખ્યાને દસનાં જૂથ અને છૂટાં તરીકે દર્શાવે છે. (૫૧થી ૧૦૦ સુધી) | | | |
| (૮) આપેલી સંખ્યાઓને ચડતા અને ઊતરતા ક્રમમાં ગોઠવે છે. (૫૧થી ૧૦૦ સુધી) | | | |

શિક્ષકની સહી : ..................................

વાલીની સહી : ..................................

તારીખ : ..................................

તારીખ : ..................................

# ૯ તહેવારો



અભિનયગીત : (સમૂહકાર્ય)



કારતકમાં **દેવદિવાળી**,
કાનો જમતો સુંવાળી,

માગશરમાં ટાઢ વાય ટાઢી,
કાનાની ડગડગ દાઢી,

પોષે નભ ઊડે **પતંગ**,
મહા મહિનો શિવની સંગ.

ફાગણમાં રંગો ઢોળ્યા,
ચૈત્રમાં રામને ખોળ્યા,

વૈશાખે ભોજન રસનાં,
જેઠે રે ઢોલ **લગન**નાં,

અષાઢે ઘન ગગડિયાં,
શ્રાવણમાં **ગોવિંદ જનમ્યા**,

ભાદરવે જય **ગણપતિ**નો,
આસોમાં **જય અંબા**નો.

– ડૉ. રક્ષા પ્ર. દવે



શિક્ષક માટે :

- **'તહેવાર' બોર્ડબુક નં. ૧૫ના ઉપયોગથી વિવિધ તહેવારની સમજ આપો.**
- ચિત્ર અનુસાર વિવિધ તહેવારની પ્રશ્નોત્તરી કરો :
  જેમકે, (૧) ઉત્તરાયણનો તહેવાર હોય ત્યારે કઈ ઋતુનો અનુભવ થાય છે ?
  (૨) હોળીનો તહેવાર કયા માસમાં આવે છે ?
- તહેવારની ઊજવણી પ્રસંગે ઉપયોગમાં લેવાતી જરૂરિયાતની વસ્તુઓની ચર્ચા, આકાર, રંગો વગેરેને ધ્યાનમાં રાખીને કરો.

**શિક્ષક માટે :**

- વિદ્યાર્થીઓને તહેવારોને અનુરૂપ બાળગીત ગવડાવો.
- સંખ્યા જેટલી તાળી પાડો. વિદ્યાર્થીને તેનું વારંવાર પુનરાવર્તન કરાવો. આ રીતે પૅટર્નની સમજ આપવી.

**વિદ્યાર્થીમિત્રો, તમને અભિનય ગીત ગાવાની મજા પડી ને ? તો ચાલો આપણે તાળી પાડવાની રમત રમીએ :** (સમૂહકાર્ય)

– ૧ તાળી - ૧ તાળી - ૧ તાળી...

– ૨ તાળી - ૩ તાળી - ૨ તાળી...

– ૧ તાળી - ૨ તાળી - ૧ તાળી...

**ચાલો પૅટર્ન બનાવીએ :** (સમૂહકાર્ય)



**શિક્ષક માટે :**

પ્રવૃત્તિ દ્વારા પૅટર્નની વધુ સમજ આપો.

- પહેલા બાળકના હાથ ઉપર, બીજા બાળકના હાથ કમર પર, ત્રીજા બાળકના હાથ ઉપર... આ જ રીતે ક્રમશઃ આગળ વધવું.
- એક વિદ્યાર્થીનો જમણો પગ આગળ, બીજાનો ડાબો પગ, ત્રીજાનો જમણો... આ રીતે આગળ વધવું.

રિયાના ઘરે હોળીના તહેવારની તૈયારી ચાલુ છે. રિયાએ છાણામાં નીચે મુજબની પૅટર્ન બનાવી છે. તે જુઓ અને તેને આગળ વધારો : (વ્યક્તિગત કાર્ય)




રિયા અને સિયા ધૂળેટીના દિવસે બાજુના મહોલ્લામાં જાય છે. તેમણે ત્યાં ઘરના નંબરની પૅટર્ન જોઈ. તેમાં અમુક ઘરના નંબર ભૂંસાઈ ગયા છે. તમે વિચારો અને તે નંબર લખો :



રિયા હવે ઘરે સજાવટ કરવા માટે તોરણ બનાવી રહી છે. તમે રિયાને તોરણ પૂર્ણ કરવામાં મદદ કરો. તમે પણ તમારા ઘર અને શાળા માટે જુદાં જુદાં તોરણ બનાવો. (જૂથકાર્ય)











**શિક્ષક માટે :**

વર્ગખંડમાં ઉપલબ્ધ મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓ પાસે તેમને ગમતી પૅટર્ન બનાવડાવો.

તારીખ : ............................ શિક્ષકની સહી : ............................

